ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૬૧/૧૮-૧૯/ 695 તારીખ : 12 FEB 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી રાઠોડ કનુભાઈ અરજણભાઈ,
ગામ-ઉમરડા, તા.મૂળી,
જી.સુરેન્દ્રનગર.
**મો. ૯૬૬૨૪ ૦૨૫૩૮.**

કેસ નં.૧૬૧/૧૮-૧૯

**વિષય : નવા ખેતીવાડી વીજજોડાણ મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૪/૧૨/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૬૧/૧૮-૧૯/૮૬ તા.૦૫/૦૧/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૬૧/૧૮-૧૯/૨૧૪ તા.૧૬/૦૧/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૩/૦૧/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી, ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મૂળી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૬૧/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી રાઠોડ કનુભાઈ અરજણભાઈ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખઃ– ૨૩.૦૧.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી રાઠોડ કનુભાઈ અરજણભાઈ – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી રાઠોડ કનુભાઈ અરજણભાઈ, મુ.ઉમરડા, તા.મૂળી, જી.સુરેન્દ્રનગરની નવા ખેતીવાડી વીજજોડાણ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૬૧/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૬૧/૧૮–૧૯/૮૬ તા.૦૫.૦૧.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૩.૦૧.૨૦૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો ગામ–ઉમરડા, તા.મુળી મુકામે ખેતીવાડી કનેકશન મેળવવા માટે તા.૦૧.૦૯.૨૦૧૨ ના રોજ અરજી કરેલી. અમારી જાણ મુજબ આ કનેકશન મંજુર પણ થઈ થયેલ છે અને અમોને અ માટેનું ભાવપત્રક પણ મોકલવામાં આવેલ છે પરંતુ અમારા કુટુંબીજનો અભણ હોવાથી આ ભાવપત્રક મળ્યુ કે નથી મળ્યુ તેની અમોને જાણકારી નથી.

૧.૨ તાજેતરમાં ઓફીસ પર તપાસ કરતાં મારા ભાવપત્રકની સમયમર્યાદા પુરી થઈ ગયાનું જાણવા મળેલ છે. વર્ષો પહેલા કરેલ અરજી રદ નહી કરતાં ભાવપત્રકની સમયમર્યાદા વધારી આપવા વિનંતી છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ શ્રી રાઠોડ કનુભાઈ અરજણભાઈ દવારા તા.૦૧.૦૯.૧૮ ના રોજ રસીદ નં.૦૮૦૮૭૯ થી ખેતીવાડી કનેકશન માટે રજીસ્ટ્રેશન કરાવેલ છે.

૨.૨ શ્રી રાઠોડ કનુભાઈ અરજણભાઈનું ખેતીવાડી કનેકશન ૨૦૧૭ માં પાસ થયેલ છે અને તેમને મુળી પે.વી. કચેરીના પત્ર નં.૫૧૩૨ તા.૨૭.૦૬.૧૭ થી ભાવપત્રક (એફ.ક્યુ) મોકલેલ છે.

૨.૩ શ્રી રાઠોડ કનુભાઈ અરજણભાઈને તા.૦૭.૦૭.૧૭ ના રોજ તેઓને ભાવપત્રક મળેલ છે અને તેની આર.પી.એ.ડી.ની સ્લીપ પણ સામેલ છે અને આ ભાવપત્રક ભરવાની છેલ્લી તા.૨૪.૧૨.૧૭ હતી અને તેઓ ભાવપત્રક ભરવામાં નિષ્ફળ ગયેલ છે.

૨.૪ તા.૨૬.૦૯.૧૮ ના રોજ મુળી પેટા વિભાગીય કચેરી દવારા શ્રી રાઠોડ કનુભાઈ અરજણભાઈની અરજી રદ કરવી તેવી જાણ કરી, ત્યારબાદ કોઈ રીપ્લાય ન મળતા "નોટ પેઈડ કેન્સલ" ગણી તેને ફાઈલ કરેલ છે.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી રાઠોડ કનુભાઈ અરજણભાઈએ ગામ–ઉમરડા, તા.મૂળીમાં ૧૫ હો.પા.નું નવું ખેતીવાડી વીજજોડાણ લેવા માટે અરજી નોંધણી કરાવેલ, જેના માટે પ્રતિવાદીએ તા.૨૭.૦૬.૧૭ ના રોજ અંદાજપત્ર રજી. પોસ્ટ થી આપેલ, જે ભરપાઈ કરવાની સમયમર્યાદા તા.૨૪.૦૭.૧૭ હતી, જે વાદી એ સમયમર્યાદામાં ભરપાઈ કરેલ નહી. જેથી પ્રતિવાદી દવારા વાદીની અરજી રદ કરવામાં આવેલ.

૩.૨ વાદીએ અંદાજપત્ર સમયમર્યાદામાં ભરેલ નથી તેમજ તે સમયમર્યાદા વધારવા માટેની કોઈ અરજી કરેલ નથી.

૩.૩ વાદીને અંદાજપત્ર રજી.એ.ડી. દવારા આપવામાં આવેલ, જે મળ્યા બાબતની પહોંચ પ્રતિવાદીએ રજુ કરેલ છે તેમજ વાદીએ સ્વિકારેલ છે કે તેઓને અંદાજપત્ર મળી ગયેલ.

**<u>–:: હુકમ ::–</u>**

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે **" વાદીએ સમયમર્યાદામાં અંદાજપત્રની રકમ ભરેલ ન હોઈ, વાદીની રજુઆત ગ્રાહય રાખવામાં આવતી નથી.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

તારીખ :– ૨૩.૦૧.૨૦૧૯